

બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલિત જી. ડી. મોદી કૉલેજ તેમજ અન્ય કૉલેજના ૫૦ વર્ષ પુરા થવાથી સુવર્ણ જયંતિ પ્રસંગે બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ કેળવણી મંડળના પ્રમુખ શ્રી શિરીષકુમાર મોદી દ્વારા કૉલેજના વિવિધ પ્રોગ્રામો શરૂ કરતા અગાઉ સરકારશ્રીના મહાત્મા ગાંધી સ્વચ્છ મિશન સ્વચ્છ ભારત અભિયાનને ખાસ મહત્ત્વ આપી કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા શહેરના જુદા જુદા વોર્ડોમાં પાલનપુર નગરપાલિકાના સહયોગથી સ્વચ્છતા ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. કૉલેજના આશરે ૪૦૦ વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા સેનીટેશન સ્ટાફ સહિત સતત બે દિવસ સુધી સ્વચ્છતા અભિયાનમાં ભાગ લઈ ખૂબ જ સુંદર અને પ્રેરણાદાયક સફાઈ કામગીરી કરી આશરે ૫૦ મેટ્રીક ટન ઘનકચરાનો નિકાલ કરેલ તેમજ જાહેરમાર્ગો ઉપરની ધૂળ, માટી, ઝાડી-જાંખરાની સફાઈ કરેલ તેમજ શહેરના નગરજનો વેપારી ભાઈઓને સ્વચ્છતાના કાર્યમાં સહકાર આપવા જાહેર અપલી કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના વિદ્યાર્થીઓને એબીવીપીના પ્રમુખ શ્રી જશવંતભાઈ વાઘેલા તરફથી ફુડપેકેટ, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ ચૌધરી તરફથી માસ્ક - હેન્ડગ્લોઝ વગેરે તેમજ તમામ વિદ્યાર્થીઓને ઠંડા પાણીની બોટલો નગરપાલિકા પ્રમુખશ્રી હસમુખભાઈ પઢિયાર તરફથી આપવામાં આવી હતી. નગરપાલિકા દ્વારા ટ્રેક્ટર, ટ્રોલીઓ, બોબકેટ મશીન તેમજ રોડબ્રશ - ઝાડુ વગેરે તમામ સાધનો પુરા પાડવામાં આવ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)



ઠંડીની મોસમમાં ઠંડીમાં પણ સતત વધારો થતો જોવા મળી રહ્યો છે ત્યારે ગરીબ પરિવારના લોકો ઠંડીમાં ઠરી રહ્યા છે અને તેમની સાથે તેમના બાળકો પણ ઠરી રહ્યા છે. ધાનેરાના પત્રકારો દ્વારા ધાનેરા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા નાના બાળકો ઠંડીમાં ઠરી રહ્યા હતા ત્યારે ધાનેરાના તમામ પત્રકાર મિત્રો દ્વારા ૬૦૦થી વધારે ગરમ સ્વેટર લાવી આ બાળકોને પહેરાવામાં આવ્યા હતા. (તસવીર : ભરત પરમાર, ધાનેરા)

# ડીસામાં આજની ડાન્સ પાર્ટી બંધ : આયોજક દ્વારા જાહેરાત

ડીસા, તા. ૩૦

આગામી ૩૧ ડિસેમ્બરે જતા વર્ષને ગુડ બાય કહેવા અને આવતા નવીન વર્ષને વધાવવા જયારે વિશ્વના અન્ય દેશો સાથે ભારતભરમાં અવનવી ડિસ્કો પાર્ટીઓનું આયોજન થઈ રહ્યું છે, ત્યારે પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ રોકવા અને હિંદુ સંસ્કૃતિના જતનની હિમાયત કરી વિશ્વ હિન્દુ પરિષદે આવી ડાંસ અને નાઈટ જલસા પાર્ટીઓનો વિરોધ કરી આવેદનપત્ર આપતા સંચાલકોમાં ફફડાટ ફેલાયો હતો અને આજે ખુદ સંચાલકે આ પાર્ટી બંધ રાખી હોવાની જાહેરાત કરતા ડિસ્કોના તાલે ઝૂમતા દર્શકોમાં સન્નાટો છવાયો છે.

બનાસકાંઠાના ડીસામાં આજે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે આગામી ૩૧ ડિસેમ્બરે ઉજવાતી પાર્ટી અને ડાન્સ જલસાનો ખુલ્લેઆમ વિરોધ નોધાવ્યો હતો અને ડીસા નાયબ કલેકટર અને સ્થાનિક પોલીસને વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે એક લેખિત આવેદન પત્ર આપી આ મામલે પોતાના કડક વલણની જાહેરાત કરતા ભારે ભાગદોડ મચી હતી. ડીસા સહીત જીલ્લામાં ક્યાય પણ પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરતી ડાન્સ પાર્ટીનું આયોજન થશે તો તે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળનાં કાર્યકરો અટકાવશે અને તોડફોડ કરી આ બાબતનો વિરોધ કરશે તેવું જણાવ્યું હતું. જયારે બીજી તરફ આ ચીમકી આ પાર્ટીના સંચાલકોને ભયભીત કરનારી બની હતી અને રૂપિયા ૨૫૦નાં ડરના પાસ વહેચી રોકડી કરી ચુકેલા સંચાલકોએ ધમાલનાં ભયથી આ પાર્ટી કરવાનું માંડી વાળ્યું હતું અને ખોટા વિવાદથી દુર રહેવામાં જ શાણપણ સમજયું હતું જેથી હવે આ પાર્ટી ૩૧ ડિસેમ્બરે નહિ યોજાય તેવું તેમને જણાવ્યું હતું.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

જો કે દક્ષિણ પોલીસ ઈન્સ્પેકટર કપિલ નકુમે કાયદાનો ધોકો પછાડી કહેલ છે કે કાયદા મુંજબ અને નિયમો મુજબ કોઈ પણ નાગરિક નવીન વર્ષની ઉજવણી કરી શકે છે. જો કોઈ -દર્શનકારી સંગઠનો આ મામલે કાયદાનું ઉલંઘન કરશે તો કાર્યવાહી હાથ ધરાશે તેવું તેમને જણાવ્યું હતું.

# ડીસામાંથી 'પી.કે.'ના બેનરો ઉતારાયા : પોલીસે સુરક્ષા આપવાની તૈયારી બતાવી

ડીસા, તા. ૩૦

ડીસામાં હિન્દુ ધર્મના દેવી દેવતાઓની મજાક ઉડાવવા બદલ આમિરખાનની પી.કે. ફિલ્મનો વિરોધ શરૂ થયો છે. ડીસામાં આજે બનાસકાંઠાના ડીસામાં આવેલી રાજ મંદિર અને અન્ય સિનેમા ઘરમાંથી પી.કે આમીરખાન અભિનીત અને રાજકુમાર હિરાણીની પી.કે. ફિલ્મનાં સીનેમાધરમાંથી આ ફિલ્મના બેનરો ઉતારી લેવાયા હતા. સીનેમાધરનાં સંચાલકોએ અગમચેતી રૂપે અ ફિલ્મનાં બેનરો ઉતારી સીનેમાંધારો બંધ રાખી નાહકના વિવાદથી દુર



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

આમિર ખાનની ફિલ્મ પીકેના અમુક દ્રશ્યો હિન્દુઓની લાગણી દુભાવતા હોવાનું જણાવી વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોએ પી.કે. ફિલ્મનો જોરદાર વિરોધ કર્યો છે અને આ ફિલ્મ પર -તિબંધની માગ કરી છે. જોકે ડીસાનાં ફિલ્મ ટોકીઝ સંચાલકોએ સમય વર્તે સાવધાનની ભૂમિકા અપનાવી ફિલ્મના પોસ્ટરો ઉતારી લેતા સીનેમાંધર સુમસામ બનેલ છે.

દેશમાં આ ફિલ્મનો શિવસેના અને બજરંગ દળના કાર્યકરોએ જોરદાર વિરોધ કર્યો છે. જેના પડઘા ડીસામાં પડ્યા હતા અને વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોએ સિનેમાઘરોના સંચાલકોને આ ફિલ્મ ઉતારી લેવા ચીમકી ઉચ્ચારી હતી. જેનું ધાર્યુ પરિણામ આવ્યું હતું અને આજે ડીસાની રાજ મંદિર અને અન્ય બોર્ડ ઉતારી લેવામાં આવ્યા છે રહેવાનો નિર્ણય લીધો છે ત્યારે બીજી તરફ ડીસા દક્ષિણ પોલીસ ઈન્સ્પેકટર કપિલ નકુમે સેન્સર બોર્ડે આ ફિલ્મ પાસ કરેલ છે અને કોઈ -દર્શનકારી આ ફિલ્મ અટકાવશે તો આકરા અને કાયદા મુજબ તેમની વિરુદ્ધ પગલાં લેવાશે તેવી તેમને ચીમકી ઉચ્ચારી હતી તેમજ સિનેમાઘરનાં સંચાલકોને પોલીસ -ટેકશન આપવાની તત્પરતા બતાવી હતી.

# અરવલ્લી જીલ્લામાં 'પી.કે.' ફિલ્મનો બજરંગદળ દ્વારા વિરોધ

## મોડાસા, ધનસુરા, માલપુર ખાતે આમીરખાનનું પુતળુ બાળી વિરોધ પ્રદશન કરાયો

(સમીર બલોચ/જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા, તા.૩૦

સમગ્ર ભારત માં હાલ રાજકુમાર હિરાની નિર્દેશીત અને આમીરખાન અનુષ્કા શર્મા અભિનીસત પી.કે. ફીલ્મ અઠવાઠીયા ની અંદર જ કરોડો રૂપિયાની કમાણી કરી સમગ્ર ફીલ્મો ના રેકોર્ડ તોડી નાખ્યા છે ત્યારે આ ફીલ્મ ને લઈ ને શંકરાભાર્ય અને યોગ ગુરૂ બાબા રામદેવે આ ફીલ્મમાં હિન્દુ ફીલ્મ ની લાગણી દુભાઈ છે તો બાબા રામદેવે આમીરખાન ની ધરપકડ માંગણી કરી છે. ત્યારે ગઈકાલે અમદાવાદ ખાતે બજરંગદળ ના કાર્યકરો ધ્વારા અમદાવાદ ની બે નામચીન સીનેમા માં તોડફોડ કરી વિરોધ પ્રદશન કરવામાં આવ્યુ હતુ.

ત્યારે આજે અરવલ્લી જિલ્લા માંપણ બજરંગદળ ના કાર્યકરો ધ્વારા મોડાસા માલપુર મેઘરજ ખાતે આ વિવાદિત પી.કે ફીલ્મ માં શંકરભગવાન અને ગાયમાતા માનમાં વિવાદીત સીન અને ડાયલોગ બતાવી સમગ્ર હિન્દુ સમાજ નુ અપમાન



કરવામાં આવ્યુ છે તેવુ હિન્દુ સમાજ ના સંતો અને બાબા રામદેવ ધ્વારા આ સુર ઉઠવા પામ્યો છે ત્યારે અરવલ્લી જીલ્લા ના મોડાસા, માલપુર અને ધનસુર ખાતે આજે બજરંગ દળના કાર્યકરો ધ્વારા ભેગા થઈ વિરોધ પ્રદશન કરવામાં આવ્યો હતો.

જયારે મોડાસા ચાર રસ્તા ખાતે બજરંગદળ ના કાર્યકરો ધ્વારા આ ફીલ્મના પોસ્ટર ની આગની હોળી કરવામાં આવી હતી અને મોડાસા ની ડ્રીમ લેન્ડ સીનેમા અને આનંદ સીનેમા માં દર્શાવતી આ ફીલ્મ ઉપર રોડ લગાવામાં આવી હતી.

જયારે ધનસુરા ખાતે બજરંગ દળ ના કાર્યકરો ધ્વારા ચાર રસ્તા ખાતે ભેગા થઈ હાય...રે...પી.કે ....હાય...અને આમીરખાન વિરૂધ્ધ સુત્રોચ્ચાર બોલાવ્યા હતા અને આમીરખાન અને પી.કે ફીલ્મ નુ પુતળુ બનાવી તેમાં આગની હોળી કરવામાં આવી હતી જયારે માલપુર ખાતે બજરંગદળ ના કાર્યકરો ધ્વારા આમીરખાન ના પુતળા ની નનામી બનાવી સમગ્ર માલપુર શહેર માં આમીરખાન ની નનામી ફેરવી આ ફીલ્મ નો ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો ત્યાર બાદ આ નનામી નુ પણ અગ્ની દહન કરછ પી.કે ફીલ્મ વિરધ માં સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

# વિદેશીઓને આકર્ષવા કરોડોનો ખર્ચ : સાબરકાંઠાના વાસ્તવિક ઉદ્યોગ રોકાણકારોને હેરાનગતિ

પ્રાંતિજ, તા.૩૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર વિજાપુર હાઈવેથી નજીકના એક જમીનમાં વિદેશી ગુજરાતી એન.આર.આઈ.ના લાખ્ખો રૂપિયા જમીન ખરીદીમાં સલવાઈ જતાં પાંચેક વરસના સમય પછી પણ તંત્રમાં રજુઆતો સિવાય કોઈ જ પરિણામ નહી મળતા વાયબ્રન્ટ ઉજવણી ટાણે જ આ વિદેશી રોકાણકાર તંત્ર સામે નારાજગી બતાવી રહ્યા છે. તો આ જ જમીન પર દસ્તાવેજ કે કંઈ નહીં કરવાની સૂચના છતાં બાનાખતોનો સીલસીલો ચાલુ રહેતા રોકાણકારો ખિન્ન થયા છે.

ગુજરાતના વિકાસ માટે અને વિદેશી રોકાણકારો ગુજરાતમાં ઉદ્યોગ-ધંધામાં રોકાણ કરે તે માટે કરોડો રૂપિયાનું ખર્ચ અને લાલજાજમથી વિદેશીઓને આકર્ષવાના સ્વાગતોના આયોજનો થઈ રહ્યા છે. તો મુળ ગુજરાતના અને એન.આર.આઈ. હોંગકોંગના એક ઉદ્યોગકારે ઉદ્યોગ-રોજગારી માટે પોતાએ દસ્તાવેજ કરી જમીન ખરીદ્યા પછી બ્લોક વિભાજનના નામે એન્ટ્રી નોંધો નહી પડતા આ આખોય મામલો કાગળીયે ચડયો છે અને રજુઆતો પછી પણ શૂન્ય પરિણામ નહીં મળતા આ વિદેશી રોકાણકારે નારાજગી વ્યકત કરેલ છે. સરકાર અને સરકારી તંત્ર આવા વિદેશી ઉદ્યોગકારોને યોગ્ય મદદે વહારે આવશે તો જ વાયબ્રન્ટ ઉજવણીનો હેતુ તથા વિશ્વાસ દઢ બનશે એવું જાણકારોનું મંતવ્ય જાણવા મળ્યું છે. ત્યારે વો દિન કબ આયેગાની આતુરતા છે.

# આજે રાષ્ટ્રીય અનુ. જાતિ આયોગના સભ્ય રાજુભાઈ પરમાર અરવલ્લીની મુલાકાતે

મોડાસા, તા.૩૦

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, ભારત સરકાર, નવી દિલ્હીના મેમ્બરશ્રી રાજુભઈ પરમાર તા. ૩૧-૧૨-૨૦૧૪ના રોજ ૧૧.૦૦ કલાકે કલેકટર કચેરી સભાખંડ, મોડાસા, જિ. અરવલ્લી ખાતે રીવ્યુ મીટીંગ માટે ઉપસ્થિત થનાર હોઈ અરવલ્લી જિલ્લાના સંસદ સભ્યશ્રી, ધારાસભ્યશ્રી, સામાજિક ન્યાય સમિતિના જિલ્લા અને તાલુકાના ચેરમેનશ્રી અને અનુ. જાતિની સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ અને સામાજિક કાર્યકરશ્રીઓને રીવ્યુ મીટીંગમાં ઉપસ્થિત રહેવા જિલ્લા કલેકટરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# હિંમતનગર કલેકટર કચેરીમાં કેન્ટીનનો પ્રારંભ

હિંમતનગર, તા.૩૦

ગુજરાત સરકારના મિશન મંગલમ યોજના અંતર્ગત હિંમતનગર નગરપાલિકા હસ્તકના શિવ બચત મંડળ સંચાલિત કેન્ટીનનું આજ રોજ તારીખ ૩૦-૧૨-૨૦૧૪ના રોજ જિલ્લા કલેકટર બંછાનિધિ પાની સાહેબના હસ્તે દીપ પ્રાગટય કરી રીબીન કાપી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધિક કલેકટર એસ.ડી. ધાનાની, ચીફ ઓફિસર શ્રી પ્રણવ પારેખ, ડુંડા શાખાના કોમલબેન પારેખ તથા બહુમાળી ભવનની તમામ શાખાના કર્મચારીઓ તથા શિવ બચત મંડળની તમામ બહેનો ઉપસ્થિત રહી હતી. છેલ્લા ૩ વર્ષથી આ કેન્ટીન બનાવેલી હતી જે મંડળની બહેનોના ધ્યાને આવતા કલેકટર સાહેબને રજૂઆત કરતા મંડળની બહેનોને આ કેન્ટીન ફાળવવામાં આવી છે. બહુમાળી ભવનમાં યોજાતી મીટીંગોમાં ચા નાસ્તો હવેથી આ કેન્ટીન દ્વારા પીરસવામાં આવશે. આ પ્રસંગે કલેકટરશ્રી દ્વારા સ્વચ્છતા જાળવવા, ગુણવત્તા યુકત ચા નાસ્તો પીરસવા જણાવવામાં આવ્યું હતું. આ કેન્ટીનનું સંચાલન શકુંતલાબેન સિસોદીયા અને સુધાબેન પટેલ દ્વારા કરવામાં આવશે. બહુમાળી ભવન ખાતે મહિલા દ્વારા કેન્ટીન સંચાલનનો ગુજરાતમાં આ પહેલો પ્રસંગ છે. આ મંડળ દ્વારા ભવિષ્યમાં સક્ષમ બની લંચ સુધીની સેવાઓ પુરી પાડવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા કોમલબેન અને ડુંડા શાખાની બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. મંડળની તમામ બહેનોએ આ પ્રસંગે કલેકટર સાહેબનો તથા અધિક કલેકટરશ્રીનો આભાર માન્યો હતો.

# વડનગર સમાચારના તંત્રી ઝુબેરભાઈનું દુ:ખદ અવસાન

મહેસાણા, તા.૩૦

મહેસાણા જિલ્લાના સિનિયર પત્રકાર અને વડનગર સમાચાર સાપ્તાહિકના તંત્રી ઝુબેર એહમદ મનસુરીનું આજે દુ:ખદ અવસાન થતા પત્રકારો ઉપરાંત સ્થાનિક વિસ્તારના લોકોમાં શોકનો માહોલ ફેલાયો છે.

વડનગર ખાતે સંદેશ દૈનિકના ખબરપત્રી તરીકે પ્રારંભિક પત્રકારત્વ કારકિર્દી થકી તેમણે વિસ્તારના અનેક પ્રશ્નોને વાચા આપી તેના ઉકેલ માટે અગ્રેસર રહ્યા હતા. સ્વર્ગસ્થ એક હમદર્દ લોકસેવક તરીકે પણ વિસ્તારમાં લોક ચાહના ધરાવતા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦